# બાયડ પાલિકા વિસ્તારમાં ભાજપની વિરાટ રેલીથી કોંગ્રેસના હોશ ઉડ્યા



### બાયડ પાલિકામાં કોંગ્રેસનો સફાયો થશે : આગેવાનો

બાયડ પાલિકામાં જે રીતે કોંગ્રેસને મતદારો ઝાકારો આપી રહ્યા છે અને ચૂંટણી પ્રચાર ફ્લોપ રહ્યો છે તે જોતાં બાયડ પાલિકા વિસ્તારમાં કોંગ્રેસ ખાતુ ખોલાવશે કે કેમ..?? તે કહેવું મુશ્કેલ છે તેમ જણાવી બાયડના ભાજપ અગ્રણી સ્નેહલ પટેલ, અશોકભાઈ લવજીભાઈ પટેલ, પૂર્વ બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ, બાયડ પાલિકા પૂર્વ પ્રમુખ અરવિંદભાઈ પ્રજાપતિ, પૂર્વ ઉપપ્રમુખ ભલુભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ(મુખી), હેમંત પટેલ, મુકુંદભાઈ પટેલ વગેરે જણાવ્યું કે બાયડ પાલિકામાં કોંગ્રેસનો સંપૂર્ણ સફાયો નિશ્ચિત છે.

### કોંગ્રેસની રેલીમાં નાનાં બાળકો લવાતાં ચૂંટણીપંચમાં ફરિયાદ..!!

બાયડ પાલિકાના જંગમાં કોંગ્રેસે શુક્રવારે રેલીનું આયોજન તો કર્યું પરંતુ કેટલાંક વાહનોમાં શાળામાં અભ્યાસ કરતાં બાળકો લાવ્યા હોવાની વિગતો પ્રકાશમાં આવતાં આ અંગે ચૂંટણીપંચમાં પુરાવા સાથે ફરિયાદ થયાનું પણ જાણવા મળ્યું છે. વહીવટી તંત્રનો સંપર્ક કરતાં આ અંગે કોઈ વિગતો આપવાની તસ્દી લીધી ન હતી.

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૬

બાયડ પાલિકાની ૨૪ બેઠક માટે રવિવારે સામાન્ય ચૂંટણી યોજાવવાની છે ત્યારે શુક્રવારે બાયડ પાલિકાના તમામ વિસ્તારોને આવરી લેતી ભાજપની વિરાટ પ્રચાર રેલીથી કોંગ્રેસના હોશકોશ ઉડ્યા છે. બાયડના તમામ વિસ્તારોમાં ભાજપની પ્રચાર રેલીનું ઉષ્માભેર સ્વાગત કરવાની સાથે ભાજપના તમામ ઉમેદવારો વિજયી થશે તેવા અનેક બુઝર્ગોએ આશીર્વાદ આપ્યા હતા. હજારો લોકો સ્વયંભૂ રેલીમાં જોડાતાં બાયડના રાજકીય ઈતિહાસને જાણનારા અનેક બુઝર્ગોએ અમોએ પ્રથમવાર આ પ્રકારે રેલીમાં અનોખો જલવો જોયાનું જણાવ્યું છે.

બાયડ પાલિકામાં તત્કાલિન સત્તાધિશોના મનમાન્યા વહીવટથી વેપારી તો ઠીક પરંતુ આમ આદમી પણ ત્રાસી ઉઠ્યો હતો. ભાજપે બાયડ પાલિકાના જંગમાં ફતેહ મેળવવા અનેક નવલોહીયાઓને મેદાનમાં ઉતારવાનો સંકલ્પ કર્યો. ચૂંટણી પ્રચાર યુદ્ધ એક પખવાડીયા સુધી ધમધમ્યો તા.૨૮ ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાવવાની છે ત્યારે શુક્રવાર સમી સાંજે ચૂંટણીના ભૂંગળ શાંત પડ્યા તે અગાઉ

**હજારો લોકો સ્વયંભૂ રેલીમાં જોડાયા, કોંગ્રેસનાં સૂપડાં સાફ થશે : ભાજપ સંગઠન**

ભાજપ દ્વારા બાયડના ચોઈલા રોડ ઉપર વ્રજગાર્ડન સોસાયટી થી સવારે ૧૧-૦૦ કલાકે વિરાટ રેલીનું આયોજન કરાયું હતું જેમાં ૪૦૦ થી વધુ બાઈકો, ૧૦૦ કાર સહિતના કાફલાએ કોવિડ ગાઈડલાઈનના નિયમનું પાલન કરવાની સાથે વિરાટ રેલીમાં સેંકડો કાર્યકરો અને સ્થાનિક લોકો જોડાયા હતા. બાયડના મુખ્ય બજાર, ગાયત્રી મંદિર રોડ, બાયડ ગામ, મલાણીયાં, ફુલબાઈ માતાજી મંદિર વિસ્તાર, ભવાની માતાજી મંદિર વિસ્તાર, આંબેડકર ચોક, અદાનાછાપરા, કસ્બા વિસ્તાર, સુંદરપુરા, અરજણવાવ, ધડુશીયામઠ, શ્રીજી સોસાયટી, મણીનગર વિસ્તાર, લાખેશ્વરી સહિતના તમામ બેઠકોના વિસ્તારને આવરીને યોજાયેલી વિરાટ રેલીમાં ભાજપ સંગઠનના જિલ્લા તેમજ સ્થાનિક હોદ્દેદારો મોટી સંખ્યામાં જોડાયા હતા.

### બાયડની રેલી અકલ્પનિય હતી : સાંસદ

બાયડ પાલિકામાં રવિવારે ચૂંટણી યોજાવવાની છે ત્યારે ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત થાય તે અગાઉ શુક્રવારે બાયડ શહેર ભાજપ સંગઠન દ્વારા બાયડ પાલિકા વિસ્તારને આવરી લેતી વિશાળ રેલીનું આયોજન થયું હતું જેમાં સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દિપસિંહ રાઠોડ જોડાયા હતા. બાયડના રાજકીય ઈતિહાસને છેલ્લા ૩ દાયકાથી જાણનારા સાંસદે જણાવ્યું કે બાયડની રેલી અકલ્પનિય હતી. સ્વયંભુ આટલી સંખ્યામાં લોકો ભાજપના સમર્થનમાં આવે તે બાબત જ નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા અને ભાજપે લોકો માટે કરેલા કાર્યોનો બોલતો પુરાવો છે.

### કોંગ્રેસની રેલી સાવ ફિક્કી રહી

રાજકીય પ્રયોગશાળા ગણાતા બાયડમાં શુક્રવારે ભાજપ અને કોંગ્રેસે પાલિકામાં કબજો મેળવવા શુક્રવારે તમામ તાકાત કામે લગાડી દીધી. એક જ દિવસે અને સમયે તંત્રએ ભાજપ અને કોંગ્રેસને ચૂંટણી પ્રચાર રેલી યોજવા મંજૂરી આપ્યા પછી પોલીસની ઉંઘ હરામ થઈ ગઈ હતી. જો કે ભાજપની પ્રચંડ રેલીની સામે કોંગ્રેસની રેલી સાવ ફિક્કી હોવાનું ભાજપના અનેક કાર્યકરોએ જણાવ્યું છે.

## બાયડ પાલિકા વોર્ડ નં. ૧માં ભાજપના ભવ્ય વિજયનો ઈતિહાસ રચાશે

### મતદારોએ ખુલ્લેઆમ ભાજપનું સમર્થન શરૂ કર્યું

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૬

બાયડ પાલિકાના ચૂંટણી જંગમાં રવિવારે મતદાન યોજાવવાનું છે ત્યારે વોર્ડ નં.૧ માં ભાજપના ભવ્ય વિજયનો ઈતિહાસ રચાશે ભાજપની અવિરત વિજય યાત્રાને વોર્ડ-૧ માં કોઈ રોકી શકે તેમ નથી.

વર્ષ-૨૦૦૬માં બાયડ પાલિકા અસ્તિત્વમાં આવી ત્યારથી વોર્ડ નં.૧ માં ભાજપનો દબદબો યથાવત રહ્યો છે. બાયડ પાલિકાની મુદત પૂરી થતાં વોર્ડ નં.૧ માં સૌથી વધુ દાવેદારોએ ચૂંટણીજંગમાં ઝંપલાવ્યું પરંતુ ભાજપ દ્વારા તમામ પાસાઓનો અભ્યાસ કરી યુવા અને શિક્ષિત ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા. જેમને પક્ષે ટીકીટ ન આપી તેવા કાર્યકરો પણ કોઈપણ પ્રકારની અપેક્ષા વગર ચૂંટણીની કામગીરીમાં સામેલ થઈ ગયા જેના કારણે વોર્ડ નં.૧ માં ભાજપનો સતત પ્રચાર ધમધમતો રહ્યો. વોર્ડ નં.૧ ની સાથે



તેમ મતદારો ખુલ્લેઆમ બોલી રહ્યા છે જે તે સોસાયટી વિસ્તાર, ચોઈલા રોડ અને ધડુશીયામઠમાં ભાજપના ઉમેદવાર પ્રવિણ એમ. પટેલ, સ્નેહલભાઈ જે. પટેલ, કંચનબેન એમ. પટેલ અને ભાવનાબેન એ. જોષીને જનસમર્થન મળ્યું હતું તે જોતાં અન્ય ૬ વોર્ડમાં પણ ભાજપની ચૂંટણી પ્રચાર રણનીતિએ કોંગ્રેસની ઉંઘ હરામ કરી દીધી. વોર્ડ નં.૧ માં ભાજપ આ વખતે ચૂંટણી જંગનો એક નવો ઈતિહાસ કાયમી અંકિત કરશે તેમ મતદારોએ ખૂલીને જણાવ્યું છે.

## વડગામ કોલેજમાં કારકિર્દી માર્ગદર્શન વ્યાખ્યાન યોજાયું

વડગામ તાલુકામાં આવેલી શ્રી યુ. એચ ચૌધરી આર્ટસ કોલેજમાં અભ્યાસની સાથે સાથે વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઉજ્જવળ બને તે માટે વિવિધ પ્રવૃત્તિઓ નું આયોજન કરતી રહી છે સાંસ્કૃતિક, રમતગમત, એન. એસ. એસ અને એન.સી. સીના માધ્યમથી કોલેજના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિ મેળવી છે. આ ઉપરાંત બહારથી તજજ્ઞોને બોલાવી વિદ્યાર્થીઓના ભવિષ્યને ઉજ્જવળ બને તેવા વ્યાખ્યાનો આ કોલેજ યોજે છે તેના ભાગરૂપે ગુરુવાર ના રોજ વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન વ્યાખ્યાન યોજવામાં આવ્યુ હતું. જેમાં આગામી સમયમાં આવનાર ભરતી તેમજ તેમાં સફળ થવા તૈયારી અંગે વ્યાખ્યાનો આપવામાં આવ્યાં હતાં.

## મોડાસામાં ઉંચા વ્યાજની લાલચ આપી કો.ઓપરેટીવ સોસાયટીનું ઉઠમણું

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૬

મોડાસાના મેઘરજ રોડ ઉપર ઉમા કોમ્પ્લેક્ષમાં આનંદશ્રી મલ્ટીપર્પઝ કો.ઓપરેટીવ સોસાયટી શરૂ કરી એજન્ટો દ્વારા ગ્રાહકોને અલગ અલગ પ્લાન બતાવી ઉંચું વ્યાજ ખાવાની આશા રાખનારા રોકાણકારો પાસેથી રૂા.૨૨,૭૪,૫૨૬ ઉસેડી લીધા પછી સોસાયટીના જવાબદારોએ ઉઠામણું કરતાં અનેક રોકાણકારો સલવાયા છે. ૭ વર્ષથી કંપની દ્વારા વ્યાજ તો દૂર પરંતુ દૈનિક-માસિક અને વાર્ષિક ફિક્સ ડિપોઝીટનાં નાણાં પરત ન આવતાં મોડાસા ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ છે. બનાવ અંગે પોલીસે ૫ જણ સામે વિશ્વાસઘાત અને છેતરપીંડીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વ્યાજની લાલચમાં અનેક લોકોને રાતાપાણીએ રડવાનો વારો આવ્યો છે. લાખો રૂપિયાના રોકાણ પછી અનેક લોકો માટે મા મને કોઠીમાંથી કાઢ..જેવો ઘાટ ઘડાયો છે. જિલ્લામાં ગોથાજી પેઢીમાં સોનું ગીરવે મૂકી વ્યાજે રૂપિયા લેનારા તેમજ કંપનીની બચત સ્કીમ મુજબ

**રોકાણકારોના ૨૨.૭૪ લાખ ડૂબ્યા : સાત વર્ષથી રૂપિયા પરત ન આપતાં ફરિયાદ**

રોકાણ કરનારા આજે પણ રડી રહ્યા છે. લાખોના ઉઠમણામાં શિક્ષકો અને ડાંક્ટરોએ નાણાં રોક્યા પછી પસ્તાવવાનો વારો આવ્યો છે. કેટલાક કર્મચારીઓ સામે અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવ્યા પછી પણ ગોથાજીના ઉઠામણાં ઉપર પડદો પડી ગયો તેવી સ્થિતિ છે. ત્યાં મોડાસાના મેઘરજ રોડ ઉપર મુંબઈના થાણામાં રહેતા નીતિષકુમાર જીતેન્દ્રભાઈ વર્મા તેમજ તેના મળતિયાઓએ મલ્ટીપર્પઝ કો.ઓપ.સોસા. શરૂ કરી હતી જેમાં ઓફીસ ખોલ્યા પછી સોસાયટીના જવાબદારોએ જુદા જુદા વિસ્તારોમાં એજન્ટો નિમ્યા પછી સોસાયટીના પ્લાન મુજબ રોકાણકારો પાસે રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું જેમાં તા.૧૭-૧-૨૦૧૫ થી તા.૩૧-૧૨-૨૦૧૭ સુધીના સમયગાળામાં સાયરા ગામની સીમમાં શરૂ કરવામાં આવેલી કો.ઓપ.સોસાયટીની ઓફીસ મારફતે રૂા.૨૨,૭૪,૫૨૬ ની રોકડ રકમ ગ્રાહકોએ રોકી હતી પરંતુ ત્યારબાદ સંચાલકોએ હાથ ઉંચા કરી નાખ્યા હતા. રાતો રાત કંપનીના જવાબદાર ઈસમો પેઢીને તાળાં મારી રફુચક્કર થઈ જતાં અનેક રોકાણકારોના પૈસા ડૂબવાથી જીવ ઉચાટમાં આવી ગયા હતા. મોડાસા તેમજ મેઘરજ તાલુકાના અનેક રોકાણકારોના પૈસા ઉંચા વ્યાજની લાલચમાં ડૂબી જતાં હવે પૈસા કઢાવવા માટે પોલીસનો આશરો લીધો છે. બનાવ અંગે મેઘરજ તાલુકાના પીશાલ ગામના ભંમરસિંહ માનસિંહ સોલંકીએ કો.ઓપ. સોસા.માં થયેલ ઉઠમણાની ૭ વર્ષે ફરિયાદ આપતાં મોડાસા ગ્રામ્ય પોલીસે તપાસ શરૂ કરી છે.

## પ્રાંતિજની મહિલાને દહેજની માંગણી કરી ઘરમાંથી કાઢી મુક્તા પોલીસ ફરિયાદ

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજની મહિલાને તેના સાસરીયાવાળા ત્રાસ આપી દહેજની માંગણી કરી અવરનવર મારઝૂડ કરી ગાળોબોલી ગડદાપાટુનો મારમારી બે નાના બાળકો સાથે ઘરમાથી કાઢી મુક્તા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં મહિલા દ્વારા પતિ, સાસુ, બે જેઠ સહિત ચાર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરી હતી. મહિલાના લગ્ન હિંમતનગરના બલવંતપુરા ખાતે રહેતા વિક્રમજી ધર્માજી વણઝારા સાથે સમાજના રીતરીવાજ મુજબ થયાં હતાં અને તેના સાસરીયાઓ દ્વારા અવરનવર દહેજની માંગ કરી ત્રાસ આપીને મારઝૂડ કરી ગાળોબોલી ગડદાપાટુનો મારમારી ઘરમાંથી બે બાળકો સાથે કાઢી મુકી હતી.

## જિલ્લામાં ભેલાણથી ત્રાસેલા ખેડૂતો તમાકુની ખેતી તરફ વળ્યા

### બે જિલ્લામાં ૫૦૦૦ હેક્ટરમાં તમાકુનું વાવેતર

બાયડ, (બ્યુરો ઓફિસ) તા.૨૬

ખેતીની દરેક સીઝનમાં ભેલાણનો પ્રશ્ન વિકટ બની જતાં ત્રાસેલા ખેડૂતો હવે પરંપરાગત પાકનું વાવેતર છોડી રહ્યા છે. સાબરકાંઠા, શાકભાજી, વરીયાળી, જીરૂ, રાયડો તેમજ અન્ય બાગાયતી પાક ઉપર વધુ વિશ્વાસ રાખી ખેતી કરે છે પરંતુ ખેતરોમાં ભેલાણ થતું હોવાથી પાક ઉપજની આશાઓ ઉપર પાણી



અરવલ્લી જિલ્લામાં નિલગાય તેમજ ભૂંડનાં ટોળાં ખેતરોમાં ઉભા પાકનું નિકંદન કાઢતાં હોવાથી અનેક ખેડૂતો હવે તમાકુની ખેતી તરફ વળ્યા છે. તમાકુનો પાક ઢોર અને જંગલી પશુ આરોગતાં ન હોવાથી ભેલાણ થવાની કોઈ સંભાવના રહેતી નથી જેથી બે જિલ્લામાં ખેડૂતોએ કુલ-૪૫૩૯ હેક્ટરમાં તમાકુનું વાવેતર કરી ભેલાણથી રાહત અનુભવી છે. છેલ્લા ઘણા વર્ષોથી ભેલાણનો પ્રશ્ન પેચીદો બન્યો હોવાથી અન્ય ખેડૂતો પણ આ કારણોસર આગામી સમયમાં તમાકુના વાવેતર તરફ વળે તો કદાચ નવાઈ નહીં હોય.

જિલ્લામાં ખેડૂતો શિયાળુ, ઉનાળુ અને ચોમાસાની સીઝનમાં ધાન્ય પાકનું વધુ વાવેતર કરતા હોય છે. પરંપરાગત વાવેતર કરતા ખેડૂતો સીઝન મુજબ ઘઉં, મકાઈ, દિવેલા, ફરી વળતું હોય છે. નિલગાય તેમજ ભૂંડનાં ટોળાંનો ત્રાસ વધી જતાં ખેડૂતોને પાક બચાવવા માટે ખેતરોમાં રાત ઉજાગરા કરવાની નોબત આવી છે જેથી કેટલાક ખેડૂતોએ હવે ભેલાણ ન થાય તેવા પાકનું વાવેતર કરવાનો પ્રયોગ આજમાયશી ધોરણે શરૂ કર્યો છે. તમાકુના પાકમાં ભેલાણ થતું નથી જેથી સાબરકાંઠા જિલ્લામાં ૨૭૭૦ અને અરવલ્લી જિલ્લામાં ૧૭૬૯ હેક્ટર જમીનમાં હાલ તમાકુનું વાવેતર થયું છે. તમાકુનું વાવેતર મુખ્યત્વે ખેડા જિલ્લામાં વધુ થતું હોય છે પરંતુ હવે ભેલાણથી ત્રાસેલા જિલ્લાના ખેડૂતો પણ તમાકુની ખેતી તરફ વળ્યા છે. ખેતરોમાં ભેલાણનો પ્રશ્ન દૂર ન થયો તો અન્ય ખેડૂતો પણ ભેલાણ અટકાવવાના કારણો સર તમાકુના પાકનો આશરો લઈ શકે છે.

### કોમવાદ ફેલાવનારાઓના ગાલે તમાચો

## હિંમતનગરમાં આર્થિક મુશ્કેલીમાં મૂકાયેલા હિન્દુ યુવાનને મુસ્લિમ મિત્રએ કરીયાણાની દુકાન બનાવી આપી

### લોકડાઉન અને ત્યારબાદની સ્થિતિમાં મુસ્લિમ મિત્રની મદદ : કોમી એક્તાનું અનોખું ઉદાહરણ

બાયડ, તા.૨૬

કોમી એક્તાને છીન્ન ભિન્ન કરવાના છાશવારે પ્રયાસો થતા હોવા છતાં હિન્દુ-મુસ્લિમ કોમમાં ભાઈચારાને વધુ મજબૂત કરે તેવા ઉદાહરણોએ સોહાર્દપૂર્ણ વાતાવરણ મજબૂત બનાવ્યું છે. હિંમતનગરના બ્રહ્માણીનગર વિસ્તારમાં રહેતા યોગેશભાઈ નાયક વર્ધીમાં ખાનગી વાહન ચલાવી ઘરનું ગુજરાન કરતા હતા પરંતુ કોરોનાના કપરાકાળમાં વ્યવસાયને અસર થઈ હતી જેથી સમગ્ર પરિવાર આર્થિક મુશ્કેલીમાં સપડાયો હતો પરંતુ તેમના મુસ્લિમ મિત્ર જાનુભાઈ મેમણે મિત્રની મુશ્કેલીઓને સારી રીતે સમજી હોય તેમ કરીયાણાની દુકાન ચાલુ કરવા માટે તમામ પ્રકારની આર્થિક કરવા માટે મિત્રને કરીયાણાની દુકાનનું સૂકાન સોંપતાં પરિવાર ગદગદીત બની ગયો છે. કોમી એક્તાનું અનોખું ઉદાહરણ પુરૂ પાડતા કિસ્સામાં મુસ્લિમ મિત્રએ સ્વજનની જેમ આર્થિક સંકળામણ




અનુભવતા પરિવારને કોરોનાકાળથી અત્યાર સુધી તમામ પ્રકારે મદદ કરતાં મુસ્લિમ પરિવારની દિલેરીની પ્રસંશા થઈ રહી છે. જ્યારે છાશવારે કોમવાદનું ઝેર ફેલાવનારાઓના ગાલે તમાચો પડ્યો છે.

હિન્દુ-મુસ્લિમ કોમ વચ્ચે હંમેશ કેળવાયેલી સમજણ અને ભાઈચારાની ભાવનાના કારણે કોમવાદી પરિબળોને જાકારો મળ્યો છે. કોરોનાના કપરા કાળમાં સ્વજન કરતાં પણ વધુ સહાનુભૂતિ દાખવી હિન્દુ-મુસ્લિમ મિત્રોએ અરસ પરસ પરિવારોની મદદે આવ્યાના અનેક ઉદાહરણોથી કોમી વૈયમનસ્યને ક્યાંય સ્થાન હવે રહ્યું નથી. હિંમતનગરના બ્રહ્માણીનગરનો નાયક પરિવાર કોરોનાની કપરી સ્થિતિમાં આર્થિક રીતે ચારેય તરફથી સંકટમાં મૂકાયો હતો. ઘરના મોભી યોગેશભાઈ નાયકનો વર્ધીમાં વાહન ચલાવવાનો વ્યવસાય સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયો હતો. અન્ય નોકરી-ધંધો શોધવા છતાં ક્યાંય રોજગારી મળી ન હતી જેથી ન સહેવાય અને ન કહેવાય તેવી સ્થિતિમાંથી પસાર થતા પરિવાર માટે હિંમતનગરના આર.ટી.ઓ. સર્કલ પાસે રહેતા મુસ્લિમ મિત્ર જાનુભાઈ મેમણ જાણે કે દેવદૂત બનીને આવ્યા. મિત્રનો પરિવાર સંકટમાં છે તેમ જણાતાં જ તાત્કાલિક ધંધો શરૂ કરવા માટે દુકાનનું બાંધકામ કરાવવાથી માંડી વેપાર માટે કરીયાણાનો તમામ સરસામાન મુસ્લિમ મિત્રએ હિન્દુ મિત્રને ભરી આપી કરીયાણાની દુકાન બનાવી આપી મિત્રને પગભર બનાવતાં નાયક પરિવારમાં હરખનાં આંસુ આવી ગયાં હતાં.